નામ.ગુજરાત હાઇકોર્ટના ચુકાદાને આધિન સંકલિત બાળ વિકાસ અધિકારીને પ્રોગ્રામ ઓફિસર વર્ગ-૧ નું દ્વિતીય ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવા બાબત.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

હુકમ ક્રમાંક:**WCDD/CCR/e-file/23/2021/0001/B1 Branch**

સચિવાલય, ગાંધીનગર.

વંચાણે લીધા:

૧. નામ.ગુજરાત હાઇકોર્ટના R/SCA 2934/2021 ના કેસમાં આપેલ તા.૦૩/૧૦/૨૦૨૨ ના રોજનું ઓરલ જજમેન્ટ

૨. દ્વિતીય ઉચ્ચત્તર પગારધોરણ મંજૂર કરવા અંગેની તા.૧૧/૦૮/૨૦૨૩ ની કાર્યવાહી નોંધ

3. વિભાગનો તા,09/08/2023 નો હુકમ ક્ર. WCD/CRR/e-file/23/2021/0001/B-1

//હુકમ//

વંચાણે લીધા (૧) પરના નામ. હાઇકોર્ટના ઓરલ જજમેન્ટથી નીચેના કોષ્ટક મુજબના પીટીશનરને તેઓની પાત્રતા તારીખથી દ્વિતીય ઉચ્ચત્તર પગારધોરણ છઠ્ઠા પગારપંચ મુજબ રૂ.૧૫૬૦૦-૩૯૧૦૦, ગ્રેડ પે:૫૪૦૦ ના પગારધોરણમાં આપવા નિર્દેશ કરેલ છે. નામ. ગુજરાત હાઇકોર્ટની અવમાનના ન થાય એ માટે નીચે મુજબના પીટીશનરને ચુકાદા અનુસાર દ્વિતીય પગારધોરણ આપવાની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબની વિગતોએ તત્કાલીન સંકલિત બાળ વિકાસ અધિકારીનું દ્વિતીય ઉચ્ચત્તર પગારધોરણ મંજૂર કરવામાં આવે છે.

૨/- નીચે મુજબના પીટીશનરને સંકલીત બાળ વિકાસ યોજના અધિકારીની સેવામાં પાત્રતા તારીખથી દ્વિતીય ઉચ્ચત્તર પગારધોરણ છઠ્ઠા પગારપંચ મુજબ રૂ.૧૫૬૦૦-૩૯૧૦૦, ગ્રેડ પે:૫૪૦૦ ના પગારધોરણમાં નીચેની વિગતો અનુસાર મંજૂર કરવામાં આવે છે. આ મંજૂરી વિભાગ દ્વારા નામ. ગુજરાત હાઇકોર્ટના R/SCA 2934/2021 ના કેસમાં આપેલ તા.૦૩/૧૦/૨૦૨૨ ના ચુકાદા સામે નામ. હાઇકોર્ટમાં વિભાગ દ્વારા દાખલ થનાર અપીલના ચુકાદાને આધીન રહેશે.

| ક્રમ | અધિકારીનું નામ | જિલ્લો | મુખ્ય સેવિકા તરીકે મેળવેલ પ્રથમ ઉપધો | સીડીપીઓમાં નિમણૂંક તારીખ | ઉ.પ.ધો પાત્રતા તારીખ |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી છાયાબેન લાલજીભાઇ અમરાણી | ભાવનગર | ૧૧/૧૧/૧૯૯૨ | ૦૭/૦૨/૨૦૦૩ | ૦૭/૦૨/૨૦૧૮ |

૩/- ઉક્ત કર્મચારીનું દ્વિતીય ઉચ્ચત્તર પગારધોરણ નીચેની શરતો અનુસાર મંજૂર કરવામાં આવે છે:

1. દ્વિતીય ઉ.પ.ધો ની પાત્રતા તારીખથી છઠ્ઠા પગારપંચ મુજબ રૂ.૧૫૬૦૦-૩૯૧૦૦, ગ્રેડ પે:૫૪૦૦ ના પગારધોરણમાં દ્વિતીય ઉચ્ચત્તર પગારધોરણ મંજૂર કરવામાં આવે છે.
2. આ મંજૂરી નામ. ગુજરાત હાઇકોર્ટના R/SCA 2934/2021 ના કેસમાં આપેલ તા.૦૩/૧૦/૨૦૨૨ ના ચુકાદાની સામે નામ. હાઇકોર્ટમાં વિભાગ દ્વારા દાખલ થનાર અપીલના ચુકાદાને આધીન રહેશે.
3. ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો-૨૦૦૨ ના નિયમ-૧૧(૧) મુજબ ઉચ્ચત્તર પગાર બાંધણી કરવાની રહેશે.
4. નાણા વિભાગના તા.૦૫/૦૭/૧૯૯૧ તથા તા.૧૬/૦૮/૧૯૯૪ ના ઠરાવની જોગવાઇ મુજબના જરૂરી બાંહેધરી પત્રકો મેળવી લેવાના રહેશે. આ પગાર બાંધણી ઓડિટ ચકાસણીને આધીન રહેશે.

૪/- વડી કચેરીએ તેમજ સંબંધિત જિલ્લા કચેરીએ નામ.ગુજરાત હાઇકોર્ટનાR/SCA 2934/2021 ના કેસમાં આપેલ ચુકાદા અનુસાર આનુષાંગિક લાભો સમયમર્યાદામાં પુરા પાડવા આગળની કાર્યવાહી કરવાની રહેશે.

૫/- જે અધિકારી/કર્મચારીએ બિનપગારી રજાઓ ભોગવેલ હોય અને આ હુકમમાં એ રજાઓ બાદ કરેલ ન હોય એવા કિસ્સામાં સબંધિત કચેરીએ હુકમો કરતી વખતે ધ્યાને લઇને બિન-પગારી રજાઓ દ્વિતીય ઉ.પ.ધો.ની તારીખથી બાદ કરવાની રહેશે. માત્ર બિન-પગારી રજાઓની તારીખમાં વિસંગતતાનું કારણ આપીને ઉ.પ.ધો. આપવામાં બિન જરૂરી વિલંબ કરી શકાશે નહી.

આ હુકમ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૧૬/૦૫/૨૦૨૩ની નોંધ પર મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે.આઇ.લેઉવા)
ઉપ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

**પ્રતિ,**

1. **અગ્ર સચિવશ્રી (આ.બા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.**
2. **કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦ડૉ.જીવરાજ મહેતા ભવન-, ગાંધીનગર .**
3. **નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦ડૉ.જીવરાજ મહેતા ભવન-, ગાંધીનગર .**
4. **સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, જિ.ભાવનાગર.**

Signature Not Verified
Signed by:J I Leuva
Under Secretary
Date: 2023.09.25
15:04:18 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

5. મુખ્ય સરકારી વકીલશ્રીની કચેરી, નામ. ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
6. સંબંધિત પ્રોગ્રામ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, જિ..ભાવનગર

Signature Not Verified

Signed by:J I Leuva
Under Secretary
Date: 2023.09.25
15:04:18 +05:30